સચિવાલય ક્રિકેટ ટુર્નામેન્ટમાં માર્ગ-મકાન વિભાગનો વિજય

ગાંધીનગર, તા.૩૦

સે-૨૧ જીમખાના મેદાન પર રમાયેલી આંતર વિભાગીય ક્રિકેટ ટુર્નામેન્ટમાં આજે મહેસુલી વિભાગની ટીમ સામે માર્ગ-મકાન વિભાગની ટીમે ભવ્ય વિજય મેળવ્યો હતો.

સે-૨૧ ખાતેના જીમખાના ઉપર રમાયેલ આંતરવિભાગીય ટૂર્નામેન્ટમાં મહેસૂલ વિભાગ સામે માર્ગ અને મકાન વિભાગનો ૬ વિકેટે ભવ્ય વિજય હાંસલ કર્યો છે. મહેસુલ વિભાગ પ્રથમ દાવ લઈ ૧૭૨ રન કર્યા હતા. જેમાં પ્રેરક પટેલે ૫૨ રન, વિશાલ પંચાલે ૨૮ રન કર્યા હતા. મુકેશ સોલંકીએ ૩૮ રનમાં ૨ વિકેટે, હર્ષપટેલે ૧૯ રનમાં ૨ વિકેટે લીધી હતી.

જેની સામે માર્ગ અને મકાન વિભાગે ૪ વિકેટે ૧૭૪ રન કર્યા હતા. ટીમ વતી ઈમ્તીયાઝ તીરમીઝી-૨૩ રન મેઘરાજ સોલંકી-૫૮ રન નોટ આઉટ, હર્ષ-૪૫ રન કરી નોટ આઉટ રહ્યા હતા. મેઘરાજ સોલંકીને મેન ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યા હતાં.

શરદ પૂર્ણિમાએ રમતોત્સવ - સેક્ટર-૨૩ સૌરભ સોસાયટી ખાતે રહીશોએ શરદ પૂર્ણિમાની ઉજવણી ભારે ધામધૂમથી કરી હતી. આ પ્રસંગે નાના બાળકો માટે રમતોત્સવનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. (તસવીર : દિપક જાની)

કડકા કરોડપતિનું ૧લીએ દૂરદર્શન પર પ્રસારણ થશે

ગાંધીનગર, તા.૩૦

સંજય પટેલ લાલન નિર્મિત અને વિનય દવે લિખિત તથા મનીષ પાઠક દિગ્દર્શીત કોમેડી ટી.વી. સીરીયલ 'કડકા કરોડપતિ' દૂરદર્શન, અમદાવાદ ગુરુવાર તા. ૧લી નવેમ્બરે સાંજે ૭.૧૫ કલાકે રજૂ થશે. જેમાં મુખ્ય ભૂમિકામાં જીતેન્દ્ર ઠકકર અને નીરવ મશરૂવાલાની સાથે ગાંધીનગરના ટી.વી. કલાકાર હસમુખ મેકવાન એક વિશિષ્ટ પાત્રમાં જોવા મળશે એમ એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

શિક્ષણ તંત્રએ રીપોર્ટ મંગાવ્યો છતા પડદો પાડવાની કોશિષ !

ચંદ્રાલા સ્થિત શૈક્ષણિક સંસ્થામાં વિદ્યાર્થીનીના શંકાસ્પદ મોત બાદ તંત્ર હવે રીપોર્ટની રાહમાં

ગાંધીનગર, તા.૩૦

ચંદ્રાલામાં સ્થિત શૈક્ષણિક સંસ્થામાં વિદ્યાર્થીનીના શંકાસ્પદ મોતના બનાવ બાદ હરકતમાં આવેલા ગાંધીનગરના શિક્ષણ વિભાગે રીપોર્ટ મંગાવ્યો છે. આમ છતાં શૈક્ષણિક સંસ્થાના સંચાલકો દ્વારા બનાવ સંદર્ભે શિક્ષણ વિભાગને જાણ કરી નથી.

ચિલોડા-હિંમતનગર હાઈવે પર આવેલા ચંદ્રાલા ગામની એક શૈક્ષણિક સંસ્થામાં અભ્યાસ કરતી અને ઈડરની વિદ્યાર્થીની છેલ્લા ઘણા વખતથી આ જ સંસ્થાની હોસ્ટેલમાં રહેતી હતી. દરમિયાનમાં થોડા દિવસો અગાઉ સાતમા ધોરણમાં અભ્યાસ કરતી આ વિદ્યાર્થીનીને વાલની બિમારીઓ થઈ હતી. આ બિમારી લાંબા સમય સુધી રહેતા આ વિદ્યાર્થીનીએ હોસ્ટેલના સંચાલક પાસે ઘરે જવાની રજા પણ માંગી હતી તેમ છતાં હોસ્ટેલ સંચાલકે રજા આપી ન હતી ત્યારે બિમાર વિદ્યાર્થીનીના વાલીએ પણ તેણીને ઘરે મોકલવા પરવાનગી માંગી હતી પરંતુ હોસ્ટેલના સંચાલકો દ્વારા તેણીને ઘરે જવા માટે પણ રજા આપવામાં આવી ન હતી.

થોડા દિવસ અગાઉ આ વિદ્યાર્થીનીનું લાંબી બિમારી બાદ કરૂણ અને શંકાસ્પદ મોત થયું હતું. ત્યારે આ બનાવથી અજાણ શિક્ષણ વિભાગને ખ્યાલ આવતા તંત્ર દ્વારા ચંદ્રાલાના આ શિક્ષણ સંચાલકો પાસેથી રીપોર્ટ મંગાવવામાં આવ્યો હતો પરંતુ શૈક્ષણિક સંસ્થા દ્વારા આ બનાવ પર પડદો પાડવાની કોશિષ કરવામાં આવતી હોય તેમ લાગી રહ્યું છે. શિક્ષણ વિભાગે આ બનાવનો રીપોર્ટ મંગાવ્યો હતો પરંતુ હજી સુધી શાળા તથા હોસ્ટેલ સંચાલકો દ્વારા તંત્રને કોઈ જ જાણ કરવામાં આવી નથી. આવા સંજોગોમાં શિક્ષણ તંત્ર શૈક્ષણિક સંસ્થા વિરૂધ્ધ કોઈ કડક પગલા ભરશે કે કેમ તે તરફ શિક્ષિત સમાજની મીટ મંડરાઈ છે.

ઉમિયા ધામમાં શરદોત્સવની ઉજવણીએ આકર્ષણ જમાવ્યું

(તસવીર : દિપક જાની)

ગાંધીનગર, તા. ૩૦

કડવા પાટીદાર સમાજ દ્વારા સે. ૧૨ સ્થિત ઉમિયા માતા મંદિર પાસે સરદોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. રાસ-ગરબાના કાર્યક્રમ દરમિયાન ૧૧,૧૧૧ દિવડાની મહાઆરતીથી દિવ્ય ઉજાશ પથરાયો હતો. ૫ હજારથી વધુ ભાવિકોએ પ્રસાદનો લાભ લીધોહતો.

સે. ૧૨ સ્થિત ઉમિયા માતાજી સંસ્થા ખાતે કડવા પાટીદાર સમાજના આગેવાનો દ્વારા સતત ૧૪મા વર્ષે શરદોત્સવની ઉજવણી અન્વયે રાસગરબાનોભવ્ય કાર્યક્રમ યોજવામાં આવ્યોહતો. શરદોત્સવની ઉજવણીના પ્રારંભે ખેલૈયાઓએ રાસગરબાની રમઝટ જમાવી હતી.

રાત્રિના ૧૧ કલાકે મહાઆરતીનો કાર્યક્રમ યોજાયો હતો. કડવા પાટીદાર સમાજના પ્રમુખ મંગળદાસ પટેલ તેમજ મહામંત્રી ભોળાભાઈ પટેલે આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે ગરબે ગુમતા ખેલૈયાઓને વિવિધ ચાર કેટેગરીમાં ઈનામનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું. જ્યારે ૫ હજારથી વધુ ભાવિકોએ નાસ્તા અને દૂધ પૌંઆના પ્રસાદનો લાભ લીધો હતો. તેમણે વધુમાં જણાવ્યું હતું કે મંદિરના માધ્યમ દ્વારા ધાર્મિક પ્રવૃત્તિઓની સાથે સામાજિક અને શૈક્ષણિક પ્રવૃત્તિઓને વેગવંતી બનાવવા સમાજ દ્વારા રૂ. ૮ કરોડના ખર્ચે ઉમા સમાજ ભવનનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. જેમાં દાતાઓએ રૂ. ૧૧ હજારથી ૫૧ લાખ સુધીની માતબર રકમનું દાન મેળવાયું છે. ભવનમાં યાત્રાળુઓ માટેની વ્યવસ્થા, લાઈબ્રેરી, સ્ટુડન્ટ હોસ્ટેલ સહિતની સુવિધાઓ ઉપલબ્ધ થશે.

એચ.એસ.સી. સામાન્ય પ્રવાહના આવેદનપત્રો ઉજીએ સ્વીકારાશે

ગાંધીનગર, તા. ૩૦

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગરના પરીક્ષા સચિવે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, ગુજરાત રાજયની તમામ રજીસ્ટર્ડ ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓની માર્ચ-૨૦૧૩માં લેવાનાર ધોરણ-૧૨ની સામાન્ય પ્રવાહની પરીક્ષાના લેઈટ આવેદનપત્રો તા. ૩ નવેમ્બર-૨૦૧૨ને શનિવારે સવારે ૧૧ થી સાંજે ૪ કલાક સુધી જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી ખાતે સ્વીકારવામાં આવશે. જે તમામ શાળાઓએ બિનચૂક જમા કરાવવાના રહેશે. જેની તમામ શાળાના આચાર્યોએ નોંધ લેવી.

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં સનાતન સમાજ પાર્ટી પોતાના ઉમેદવારો ઉભા રાખશે

ગાંધીનગર, તા.૩૦

'હિન્દુ, મુસ્લિમ, શીખ અને ઈસાઈ સભી સનાતની ભાઈ ભાઈ' સૂત્રને અનુસરતા સનાતન સમાજ પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ અવધૂત રામાયણીએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં સનાતન સમાજ પાર્ટી ઉમેદવારોને ઉભા રાખશે.

આગામી ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ગૌવંશની રક્ષા, ગૌચર બચાવો, ખેડૂતોની સમસ્યા, બેરોજગાર નવયુવકો માટે રોજગારી, ભ્રષ્ટાચાર સામે જંગ તેમજ સનાતન ધર્મની રક્ષા વગેરેનાં મુદ્દાઓ પાર્ટીના મુખ્ય હશે. ગુજરાતની ૧૮૨ બેઠકો ઉપર પોતાના ઉમેદવારો ઉભા રાખવાનો પ્રયાસ કરશે. જેમાં સાધુ, સંતો, મહંતો, ગૌરક્ષકો, ખેડૂતો, મહિલાઓ અને નવયુવકો સહિત 'હિન્દુ-મુસ્લિમ-શિખ-ઈસાઈ-સભી સનાતની (હિન્દુસ્તાની) ભાઈ ભાઈ'ને લક્ષમાં રાખી યોગ્ય અને રાષ્ટ્રનિષ્ઠ ઉમેદવારોનો સમાવેશ કરવામાં આવશે.

અવધૂત રામાયણીએ વધુમાં જણાવ્યું છે કે આજે આપણા દેશમાં 'આધ્યાત્મિક રાજનીતિ'ની જરુર છે. અનાચાર, અનિતી, અન્યાય અને ભ્રષ્ટાચાર સામે આત્મા-ઈશ્વરથી ડરો એ સંદેશ સમાજમાં આપવાનું કાર્ય પાર્ટી કરશે. પ્રેમ-કરૂણા, ભાઈચારો અને સદભાવનાથી ભરપૂર 'સનાતન સમાજ' ઉભો થાય એવું કાર્ય સનાતની સમાજનાં સંતો અને સધુઓ વગેરેએ ઉપાડી લીધું છે અને સનાતન સમાજ પાર્ટી પોતાના રાજનૈતિક બળ ઉપર ગુજરાતમાં ચુંટણી પ્રચારની તૈયારી કરી દીધી છે. પાર્ટી સાધુ-સંતો માટે ૫૦ ટકા સીટો અનામત રાખશે. આ ચુંટણીમાં 'ગાય બચાવો-ગૌચર બચાવો, ખેતી બચાવો-ખેડૂત બચાવો અને સમુદ્ધ ગુજરાત બનાવો' એ સૂત્ર લઈ પાર્ટી ગુજરાતની પ્રજાને જાગૃત કરવાનું અભિયાન હાથ ધરશે.

ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલમાં આદર્શ વાંચન સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર જિલ્લાના લેંકાવાડા ગામે આવેલી ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલમાં બાળકોને વાંચનની રુચી વધે તથા તેની સમજ કેળવાય અને બાળકોનું વાંચન સુયોગ્ય બને તેના ભાગરૂપે શાળા દ્વારા આદર્શ વાંચન સ્પર્ધા યોજાઈ હતી.

શાળામાં યોજાયેલી આદર્શ વાંચન સ્પર્ધામાં ધોરણ- ૪ થી ૧૨ના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. અને અલગ અલગ નંબર મેળવ્યા હતા. ધોરણ ૨ થી ૩માં રાહી પટેલ પ્રથમ, આસ્થા ચૌધરી દ્વિતીય, જયદીપ દેસાઈ તૃતીય નંબરે વિજેતા થયા હતા. ધોરણ ૫ થી ૭માં રાજવી પ્રથમ, સાક્ષી પટેલ બીજા નંબરે અને દિવ્યા વાઘેલા ત્રીજા નંબરે વિજેતા થયા હતા. ધોરણ ૮ થી ૧૨માં વૈભવી ચૌધરી, પાર્થ ચૌધરી પ્રથમ નંબરે, હિતલ આહિર, નૈતિક પ્રજાપતિ બીજા નંબરે તથા કાજલ ઠાકર, નીયતિ ચૌધરી, મિત્તલ ચૌધરીનો ત્રીજો નંબર આવ્યો હતો. વિજેતાઓને સર્ટિફિકેટ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

પ્રાથમિક અને માધ્યમિક ચિત્રકામ કક્ષા પરીક્ષાનો ૨જીથી પ્રારંભ થશે

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર જિલ્લા શિક્ષણાધિકારીએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, પ્રાથમિક ચિત્રકામ પરીક્ષા અને માધ્યમિક ચિત્રકામ પરીક્ષા રાજય પરીક્ષા બોર્ડ, ગુજરાત રાજય ગાંધીનગર દ્વારા અનુક્રમે ૨, ૩ અને ૪ નવેમ્બર ૨૦૧૨ના રોજ લેવાશે. પ્રાથમિક ચિત્રકામ પરીક્ષા ૨ નવેમ્બરે અને માધ્યમિક ચિત્રકામ પરીક્ષા ૩ અને ૪ નવેમ્બરના રોજ યોજાશે એમ આયોજકો દ્વારા જણાવાયું છે.

નિસર્ગ સાયન્સ સેન્ટરના બે પ્રોજેક્ટની રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન કોંગ્રેસ-૨૦૧૨-૧૩ની સ્પર્ધામાં પસંદગી

ગાંધીનગર, તા. ૩૦

રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન કોંગ્રેસ ભારત સરકારનાં રાષ્ટ્રીય વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી સંચાર પરિષદ, ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી દ્વારા આ વર્ષે ઊર્જા સંશોધન, સનિયંત્રણ અને સંરક્ષણ 'વિષય પર સ્પર્ધા યોજાઈ હતી. સ્પર્ધામાં નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા ચાર પ્રોજેક્ટ રજૂ કરવામાં આવ્યા હતા. જેમાં બે પ્રોજેક્ટની રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન કોંગ્રેસ ૨૦૧૨-૧૩ની ગાંધીનગર જિલ્લા માટેની સ્પર્ધામાં પસંદગી પામ્યા છે.

ગાંધીનગર જિલ્લાકક્ષાની આ સ્પર્ધામાં તપોવન સંસ્કાર પીઠ, અમીયાપુર ખાતે યોજાઈ હતી. સ્પર્ધામાં ગાંધીનગર જિલ્લાની વિવિધ શાળાઓમાંથી ૩૦ જેટલા પ્રોજેક્ટની રજૂઆત કરવામાં આવી હતી. 'એન્વાયરમેન્ટલ ઈમ્પેક્ટ એસેસમેન્ટ ડ્યૂ ટુ થર્મલ પાવર સ્ટેશન ગાંધીનગર' અને 'સ્ટડી ઓફ એનર્જી સેવીંગ બાય ધી યુઝર્સ ઓફ ઈ બાઈક ઈન ગાંધીનગર' પ્રોજેક્ટની પસંદગી ગાંધીનગર જિલ્લાની સ્પર્ધામાં પસંદગી પામી છે. પ્રથમ પ્રોજેક્ટના ટીમ લીડર નીનાદ ઠક્કર, અનિકેત જોષી, કાત્યા પટેલ, રાજકુમાર સોલંકી ને અનિલભાઈ પટેલે માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું. તથા બીજા પ્રોજેક્ટના ટીમ લીડર ધાર્મિક પટેલ, માનસ વૈદ્ય, મિહિત વૈદ્ય, ઉત્સવ સથવાર, ધ્રુવ પટેલને હાર્દિક ભટ્ટે માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું. આ બંને પ્રોજેક્ટ તા. ૪, ૫, ૬ ડિસેમ્બર-૨૦૧૨ના રોજ કડી ખાતે યોજાનાર રાજયકક્ષાની સ્પર્ધા માટે ભાગ લેશે. નિસર્ગ સાયન્સ સેન્ટરના કો-ઓર્ડીનેટર હાર્દિક મકવાણાએ આ બન્ને ટીમોનાં સભ્યોને અભિનંદન પાઠવ્યા હતા.

સ્વ. રાસબિહારી દેસાઈની સુરીલી સ્મરણયાત્રાનો ૪થીએ કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૩૦

શબ્દ અને સ્વરના આરાધક એવા સ્વર્ગસ્થ રાસબિહારી દેસાઈના સંસ્મરણોને વાગોળવા ઉપરાંત રાસભાઈ દ્વારા સ્વરાંકિત કબીરનાં પદોના આલબમ 'ગુરુને બાત સુનાયા'નું વિમોચન સાથેનો રાસબિહારી દેસાઈની કેટલીક રચનાઓનો સંગીતમય કાર્યક્રમ તા. ૪થી નવેમ્બર-૨૦૧૨ને રવિવારે સાંજે ૫ કલાકે રા.વિ. પાઠક સભાગૃહ, ગુજરાતી સાહિત્ય પરિષદ, ટાઈમ્સ પાછળ, નદી કિનારે, આશ્રમ રોડ, અમદાવાદ ખાતે યોજાશે.

અમદાવાદના મેયર અસિત વોરાના અધ્યક્ષપદે યોજાનાર સુરીલી સ્મરણયાત્રાના કાર્યક્રમમાં શેખર સેન, ઓસમાન મીર અને રાજેન્દ્ર શુકલ ખાસ ઉપસ્થિત રહેશે. અને સ્વરલીન થયેલા રાસ બિહારી દેસાઈના સંસ્મરણોને વાગોળી તેમની રચનાઓની સંગીતમય પ્રસ્તુતિને માણશે.

એન.સી.પી. ગાંધીનગર ઉત્તરની બેઠક પર ચતુરજી ઠાકોરને ટીકીટ આપવા ઉગ્ર માંગ

ગાંધીનગર, તા. ૩૦

રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષને આગામી આવનાર વિધાનસભા ચૂંટણીમાં ગાંધીનગર ઉત્તરની શીટ પર ગાંધીનગર જિલ્લા પ્રમુખ શ્રી ચતુરજી આર. ઠાકોરને આ ઉત્તર શીટની ટીકીટ આપવા અંગે ગાંધીનગર જિલ્લા મહામંત્રીશ્રી રાધેશ્યામ યાદવ, દહેગામ જિલ્લાના મહામંત્રી વિજયભાઈ પટેલ, ગાંધીનગર તાલુકા પ્રમુખશ્રી અજીતસિંહ રાણા, માણસા તાલુકા પ્રમુખ સજુભા વાઘેલા, દહેગામ તાલુકા પ્રમુખ મોહનજી ઠાકોર, કલોલ પ્રદેશ મહામંત્રી રાજુભાઈ પેઈન્ટર, કલોલ પ્રદેશ મહામંત્રી શ્રી ગુલામ હુસેન તેમજ એન.સી.પી.ના કાર્યકરોની ઉગ્ર માંગ છે કે આ ગાંધીનગર ઉત્તરની સીટ પર આગામી આવનાર ચૂંટણીમાં ચતુરજી આર.ઠાકોરને ટીકીટ મળે તે અંગે માંગણી કરવામાં આવી છે.

આંતર વિભાગીય ક્રિકેટ ટુર્નામેન્ટમાં સામાન્ય વહીવટ વિભાગની ટીમનો વિજય

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર સેકટર-૨૧ જીમખાના ખાતે ગતરોજ સામાન્ય વહીવટ વિભાગ અને રમત-ગમત યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ વચ્ચે રમાઈ હતી. જેમાં સામાન્ય વહીવટ વિભાગની ટીમનો ભવ્ય વિજય થયો હતો.

આંતર વિભાગીય ક્રિકેટ ટુર્નામેન્ટમાં સામાન્ય વહીવટ વિભાગના ટીમે ટોસ જીતીને પ્રથમ બેટીંગ કરી હતી. જેમાં ૩૦ ઓવરમા ૧૭૩ રન બનાવ્યા હતા. અબ્બાસ જામે (કેપ્ટન) ૮૬ રન નોટઆઉટ અને મુકેશ મોલડીયાના ૨૫ રન નોટઆઉટ હતા. બીજી રમતમાં રમત-ગમત યુવક સેવા અને સાંસ્કૃતિક વિભાગની ટીમ ૩૦ ઓવરમાં ૯ વિકેટે ૧૪૯ રનમાં ઓલઆઉટ થઈ હતી. જેમાં ભૌમિક વ્યાસે ૪૩ રન નોંધાવ્યા હતા. મેચમાં સા.વ.વિ.ની ટીમનો ભવ્યવિજય થયો હતો.

ડેમોક્રેટીક પીપલ્સ એસોસિએશનની કારોબારીની બેઠક યોજાઈ

ગાંધીનગર, તા.૩૦

ડેમોક્રેટીક પીપલ્સ એસોસિએશન, ગુજરાત, ગાંધીનગર કારોબારીની બેઠક તાજેતરમાં સંસ્થાના પ્રમુખ ભાનુકાન્ત પરમારના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી.

કારોબારી બેઠકમાં કાર્યવાહી નોંધોનું વાંચન મહામંત્રી મૂળજીભાઈ પરમાર દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સુરેન્દ્રનગર જિલ્લાના થાનગઢ ખાતેના પોલીસ વાયોલન્સમાં શહાદતને વરેલા ત્રણ નવલોહીયા યુવાનોના કુટુંબીજનોને સહાય બાબતે તથા આ બનાવની નિષ્પક્ષ તપાસ અંગે ગુજરાત રાજય માનવ અધિકાર આયોગ, ગાંધીનગરને પાઠવવામાં આવેલ પીટીશન તથા મુખ્યમંત્રીને પાઠવવામાં આવેલા ફોનોગ્રામ કે જેમાં જવાબદાર અધિકારીઓ સામે પગલાં લેવાં અને મૃતકોના કુટુંબીજનોને રૂ. ૨૦ લાખ અને ગંભીર રીતે ઘવાયેલાઓને રૂ. ૧૦ લાખ વળતર આપવા અનુરોધ કરવામાં આવ્યો હતો. હત્યાનો ભોગ બનેલાના વાલીઓને દિલસોજી સંદેશ અને અનુ. જાતિ અને જનજાતિને બઢતીમાં રોસ્ટર લાગુ પાડતા બીલને ટેકો આપવા મુલાયમસિંહ યાદવને વિનંતી કરતો પત્ર વિગેરે બાબતો અંગે કારોબારીને જાણ કરવામાં આવી હતી. મુકિતધામમાં સંત રવિદાસ અને શહીદવીર મેઘમાયાની મૂર્તિ મુકવા બાબત થયેલ પ્રગતિ અંગે પ્રમુખે વિગતે જાણ કરી હતી. બેઠકને અંતે દિનકરભાઈ પરમારે સંસ્થાવતી આભાર વ્યકત કર્યો હતો.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૪૫

સૂર્યાસ્ત : ૬.૦૨

તાપમાન

મહત્તમ : ૩૩.૫ ડિ.સે.

લઘુત્તમ : ૧૫.૨ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૫૭ ટકા ● સાંજે ૩૪ ટકા

મનોરંજન

સિટી પલ્સ

: સ્ક્રીન-૧ :
ચક્રવ્યૂહ : ૧૦.૦૦, ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫.૧૦.૦૦
: સ્ક્રીન-૨ :
અજબ ગજબ લવ : ૧૦.૦૦, ૧૨.૩૦, ૩.૦૦, ૧૦.૩૦
રશ : ૫.૩૦, ૮.૦૦
: સ્ક્રીન-૩ :
રશ : ૧૨.૦૦, ૨.૩૦,૧૦.૧૫
સ્ટુડન્ટ ઓફ ધ યર : ૫.૦૦
અજબ ગજબ લવ : ૭.૪૫
: સ્ક્રીન-૪ :
સ્ટુડન્ટ ઓફ ધ યર : ૧૧.૩૦, ૭.૧૫,૧૦.૦૦
ઓહ! માય ગોડ : ૨.૧૫
અજબ ગજબ લવ : ૫.૦૦

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
ચક્રવ્યૂહ : ૯.૪૫
અજબ ગજબ લવ :૧૨.૩૦, ૩.૦૦, ૫.૩૦, ૮.૦૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
સ્ટુડન્ટ ઓફ ધ યર : ૯.૧૫, ૧૨.૦૦, ૨.૪૫, ૫.૩૦
રશ : ૮.૧૫, ૧૦.૩૦
: સ્ક્રીન-૩ :
અજબ ગજબ લવ : ૯.૩૦
રશ : ૧૨.૧૫, ૫.૦૦
ઓહ ! માય ગૉડ : ૨.૩૦
ચક્રવ્યૂહ : ૭.૧૫ ● સ્ટુડન્ટ ઓફ ધ યર : ૧૦.૦૦
: સ્ક્રીન-૪ :
અજબ ગજબ લવ : ૮.૦૦, ૧૦.૩૦, ૬.૪૫
ચક્રવ્યૂહ : ૧.૧૫, ૪.૦૦, ૯.૪૫

સૂર્યા, વાવોલ

ચક્રવ્યૂહ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
રશ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
ચક્રવ્યૂહ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૨ :
રશ : ૧૦.૪૫, ૭.૩૦, ૧૦.૩૦
અજબ ગજબ લવ : ૨.૦૦, ૫.૦૦
: સ્ક્રીન-૩ :
અજબ ગજબ લવ : ૧૦.૩૦, ૧૦.૦૦
રશ : ૧.૧૫, ૪.૦૦
સ્ટુડન્ટ ઓફ ધ યર : ૭.૦૦

સિરાગ, કલોલ

રશ : ૧૦.૪૫, ૩.૩૦, ૮.૩૦
અજબ ગજબ લવ : ૧.૦૦, ૬.૧૫, ૧૦.૧૫

ટાઉન હોલ

● ભારતીય યુવા મોરચા ગુજરાત પ્રદેશ દ્વારા વિસ્તારક યોજનાનો કાર્યક્રમ સવારે ૧૦.૦૦ કલાકે.

આપની આજ

મેષ : આર્થિક ક્ષેત્રમાં વિવાદિત કાર્યોનો હલ કરવા માટે યાત્રા-પ્રવાસ થઈ શકે છે. મનોનુકૂળ કાર્ય થવાનો યોગ બની રહ્યો છે. મિત્રો સાથે સમય પસાર થઈ શકે છે.

વૃષભ : આમોદ- પ્રમોદ વિલાસિતામાં સમય પસાર થશે. અમુકૂલ પરિણામ માટે સક્રિયતા અને નિશ્ચિંતતા આવશ્યક છે. વિવાદિત કાર્યોમાં સફળતા પ્રાપ્તિ થઈ શકે છે.

મિથુન : આર્થિક કાર્યો માટે વિશેષ યાત્રાઓ થઈ શકે છે. વિશિષ્ટ ભાગ્યવર્ધક ધાર્મિક કાર્યોના આયોજનો થઈ શકશે. સામાજિક સમસ્યાઓમાં સહયોગ પ્રાપ્ત કરવો પડશે.

કર્ક : કૌટુંબીજનોના સાથ સહકાર- પ્રેમથી મન પ્રસન્નતા પ્રાપ્ત થશે. મિત્રોનાં સહયોગથી કાર્યમાં સફળતા મળવાની સંભાવના વધે છે.

સિંહ : આપના દ્વારા થયેલ સંચિત ધનમાં વૃદ્ધિ થઈ શકે છે. આપે ધારેલા કાર્યો પૂર્ણ થઈ શકશે.સામાજિક અને રાજકીય ક્ષેત્રમાં પદ- પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યો છે.

કન્યા : ઉપરી અધિકારીઓ દ્વારા આપના પર કાર્યભાર વધી શકે છે. આજે નવા સંબંધો બંધાઈ શકે છે. સત્સંગ થઈ શકે છે. માનસિક શાંતિ જાળવી રાખવી.

તુલા : જ્ઞાન શોધના કાર્યોમાં આપનું મન પરોવાશે. અટવાયેલા કાર્યોમાં આપના કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિણામ પ્રાપ્ત થઈ શકે છે.

વૃશ્ચિક : નવા વાહનની ખરીદી થઈ શકે છે. સામાજિક અને ધાર્મિક કાર્યોથી તમને યશ અને સન્માન પ્રાપ્ત થઈ શકશે. વ્યાપારમાં પ્રગતિ જણાય. આરોગ્ય પ્રત્યે બેદરકારી ન રાખવી.

ધન : આપ પોતાની બુદ્ધિના ઉપયોગથી કાર્યમાં વિકાસ સાધી શકશો. હિતશત્રુઓ દ્વારા હાનિ થવાની સંભાવના રહેલ છે. કોર્ટ - કચેરીના કેસોમાં આપને સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

મકર : રોજગારીક્ષેત્રમાં નવા રસ્તાઓ તમને મળી શકે છે. ગહન શોધ, જ્ઞાન તેમજ આધ્યાત્મનાં અગત્યના કાર્યોમાં ગહન શોધના કાર્યો થઈ શકશે.

કુંભ : ઉચ્ચસ્તરીયે આપને પ્રતિષ્ઠા અને માન- સમ્માન પ્રાપ્ત થઈ શકે છે. આપને નાણાંકીય મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. ખાનપાનમાં સંયમ રાખવું.

મીન : સામાજિક અને રાજકારણ ક્ષેત્રમાં માન- પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થઈ શકશે. ધાર્મિક કાર્યોમાં તરફ પ્રેરાશો. શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમપૂર્વક ઉકેલવી હિતાવહ રહેશે.

ચિરવિદાય

- સ્વ. ડિમ્પલ મહેશકુમાર સોલંકી (ઉ.વ. ૧૧) એમ-૧/૪, હાઉસીંગ બોર્ડ, સેકટર-૧૪, ગાંધીનગર.
- સ્વ. નાનુભાઈ પોથાભાઈ સવાર (ઉ.વ. ૮૧) પ્લોટ નં. ૧૨૨૭/૧, સેકટર-૩/એ, ગાંધીનગર.